

# શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૬૨ જેઠ અંક ૮

-: પ્રકાશક :-

જૈન આત્માનંદ સભા

ભાવનગર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભવિષ્ય ધૂંધળું અને અનિશ્ચિત છે. પરંતુ તે તરફ દોરી જતા રસ્તાનો એક ભાગ તો આપણે જોઇ શકીએ છીએ, અને તે પર દૃઢ પગલે ચાલી પણ શકીએ છીએ. સાથે સાથે એટલું પણ યાદ રહે કે આટઆટલી મુસીબતોમાંથી પણ બચી ગયેલ માનવ જુસ્સાને સંભવિત કોઈ પણ ઘટના પરાસ્ત કરી શકતી નથી.

શ્રી જવાહરલાલ નેહરુ

ગ્રામ : " Jahangir "

ફોન નં. મીલ : ૨૮૦
બંગલો : ૩૨૮

## ધી ન્યુ જહાંગીર વકીલ મીલ્સ કું. લી.

મેનેજીંગ એજન્ટ
મંગળદાસ જેસીંગભાઈ સન્સ પ્રા. લી.

પોસ્ટ બોક્સ નં. ૨
ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ ૬૧ ] ૧૦મી જુન ૧૯૬૪ [ અંક ૮

## ભગવાન મહાવીરનાં ઉપદેશ વચનો

અન્યની હિંસા કરવી એ હિંસા તો છે જ પણ સાથે હિંસા–અસત્યાદિના સેવનના બૂરા વિચારો મન અને હૃદયને મલિન બનાવતા હોઈ પ્રથમ તો પોતાના આત્માની જ હિંસા થાય છે. માટે

**जीवनस्य भवेत्शुद्धि, शुद्धि र्वाक्कर्म चेतसाम्**
**सा चा हिंसा परोत्कर्मा, सर्वे कल्याण मन्द्रिरम्** (જૈ. સુ. વાણી)

પ્રથમ વિચાર–વાની અને કર્મની વિશુદ્ધિરૂપ જીવનની શુદ્ધિ કરી લેવી એમાં જ સાચી અહિંસા રહેલી છે.

અને એવી અહિંસા :પ્રાપ્ત કરવી એમાં જ સાચી વિરતા છે કારણ કે वीरा संमत्त दसिणो एस अेहंतरे मुणी मुत्ते विरह वियाहिते–त्तिरेमि (૩) (આચા. શ્રુ.–૧, અ. ૫. ઉ. ૩) વીર્યવાન આત્મા જ આ સંસાર તરી જવા સમર્થ બને છે.

માટે તારા આત્મા પુરૂષાર્થને જ પ્રગટ કર. नो खलु सक्कां एवं भूयंवारू जंणं अरिहंता देविंदाण वा असुरिंदाण वा नीसाए केवलनाणं उप्पाडेंति (આવ. ચૂર્ણિ) કારણ કે મોક્ષમાર્ગના સાધકને કોઈ પણ દેવ, દેવી, ભૂત, યક્ષ, રાક્ષસ કે કોઈ પણ અન્ય શક્તિની ખુશામત, યાચના કે પ્રાર્થના સહાયભૂત થઈ શકતી નથી. માટે એ તું છોડી દે. કારણ કે નવસર્જન કરવાની એક માત્ર તારી જ શક્તિ છે. તું પોતેજ શકિતનું કેન્દ્રસ્થાન છે. અનંતશક્તિનો ભંડાર છે. માનવશક્તિથી અન્ય કોઈ પણ શક્તિ બળવત્તર નથી.

**जनं प्राबोंधयत् सैवं सिद्धिस्ते हस्त एव भो ।**
**अनन्त शक्ति स्त्वमसि स्कांरय स्कार पौरूपम् ॥**

માટે કોઈ પણ વસ્તુની સિદ્ધિ પ્રાપ્ત કરવી એ તારા જ હાથની વાત છે. આથી તું પોતે જ તારી શક્તિને ફોરવ.

આ કારણે તારો અભ્યુદય કોઇની પણ કૃપા પર અવલંબતો નથી. વર્તમાન અને ભાવિ ઘડવું એ તારા જ હાથની વાત છે. તું જ તારો કર્તાહર્તા છે. કારણ કે "पुरिसा तुममेव तुमं मित्तं किं षहिया मित मिच्छासि ?" (આચા. શ્રુ–૧. અ. ૩. ઉ. ૩) તું જ એક માત્ર તારો મિત્ર છે. તો પછી શા માટે બહાર ભીખ માંગતો ફરે છે? આ કારણે જે વિવેકપૂર્વક સ્વાશ્રયી–સ્વાવલંબી બની રહે છે એને જ હું સમ્યગ્દૃષ્ટિ પુરૂષ કહું છું માટે હે માનવ ! તું તારા પગ પર જ ઊભો રહેતાં શીખ, તું ધારે તો વિશ્વના વહેણને પણ બદલી શકે છે.

—રતિલાલ મફાભાઈ શાહ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યોગની પ્રાથમિક ભૂમિકા

લેખક : **શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા**

મહર્ષિ પતંજલિએ યોગ સૂત્રમાં **योगश्चित्तवृत्ति-निरोधः** એટલે કે ચિત્તવૃત્તિનિરોધને યોગ કહેલ છે, જ્યારે શ્રીમદ્ હરિભદ્રસૂરિએ યોગને લગતા પોતાના જુદા જુદા ગ્રંથોમાં મોક્ષ પ્રાપ્તિ કરાવનાર ધર્મ વ્યાપારને જ યોગ કહેલ છે. શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે યોગ એટલે સમ્યગ્ જ્ઞાન, સમ્યક્ શ્રદ્ધા અને સમ્યક્ ચારિત્રરૂપ રત્નત્રય એમ કહ્યું છે. ગીતાજીમાં યોગનો અર્થ સમજાવતાં કહ્યું છે કે ચિત્તની સમતા એ જ યોગ છે, અને ચિત્તની સમતા મન (ક્રિયા) અને બુદ્ધિ (જ્ઞાન)નું ઐક્ય થાય ત્યારે જ શક્ય બને છે. આ બધી વ્યાખ્યાઓમાં ઉપલક દૃષ્ટિએ જોતાં ભિન્નતા જણાય છે, પણ તત્ત્વ દૃષ્ટિએ વિચારતાં આપણને ખાતરી થશે કે ભિન્નતા માત્ર શબ્દોમાં જ છે, અર્થમાં નથી.

'ચિત્તવૃત્તિ નિરોધ' એ શબ્દથી તે ક્રિયા અગર વ્યાપાર વિવક્ષિત છે કે જે મોક્ષમાર્ગ માટે અનુકૂલ હોય. મોક્ષ પ્રાપ્તિ કરાવનાર ધર્મ વ્યાપાર, એનો પણ એ જ અર્થ છે. શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે તો ચોકખું જણાવ્યું છે કે ચાર પુરુષાર્થમાં મોક્ષ ઉત્તમ છે, અને યોગ તેની પ્રાપ્તિમાં કારણ છે, એટલે કે સમ્યગ જ્ઞાન, સમ્યક્ શ્રદ્ધા અને સમ્યક્ ચારિત્ર એ રત્નત્રય એટલે જ મુક્તિ. ગીતાજીનો પણ એજ ધ્વનિ છે. ચિત્તની સમતા થાય છે ત્યાં જ યોગ છે, અને ચિત્તની સમતા એ જ મોક્ષમાર્ગનું દ્વાર છે.

યોગના અધિકારી કોણ? એ પ્રશ્નની ચર્ચા કરતાં શ્રીમદ્ હરિભદ્રસૂરિએ યોગ બિન્દુમાં કહ્યું છે કે; 'જ્યારે આત્માની ઉપર મોહનો પ્રભાવ ઘટવાનો આરંભ થાય છે ત્યારથી જ આધ્યાત્મિક વિકાસનો સૂત્ર પાત થઇ જાય છે.' અપુનર્બંધક (જે આત્માનો સંસાર પ્રવાસ ચરમ પુદ્ગલ પરાવર્ત્ત જેટલો બાકી રહે છે, તે આત્માને જૈન પરિભાષામાં અપુનર્બંધક કહેવામાં આવે છે.) આત્માનો આંતરિક પરિચય એટલો જ કે તેવા આત્માની ઉપર મોહનું દબાણ ઓછું થઇ ઊલટું મોહની ઉપર તેવા આત્માનું દબાણ શરૂ થાય છે. એ જ આધ્યાત્મિક વિકાસનું બીજા રોપણ છે. અહીંથી જ યોગ માર્ગનો આરંભ થઈ જવાને લીધે તેના વિકાસગામી આત્માની પ્રત્યેક પ્રવૃત્તિમાં સરલતા, ઉદારતા, નમ્રતા, પરોપકાર પરાયણતા આદિ સદાચાર નજરે પડે છે, જે તેના વિકાસગામી આત્માનો બાહ્ય પરિચય લેખાય.

યોગના સાચા અધિકારી થવા માટે સંસારનો બાહ્ય ત્યાગ એ કાંઇ અનિવાર્યપણે આવશ્યક વસ્તુ નથી, પણ સાચું મુમુક્ષુ પણું એ આવશ્યક વસ્તુ છે. ગૃહસ્થાવાસમાં રહીને પણ સાચો મુમુક્ષુ યથા યોગ્ય પણે યોગ સાધી શકે છે. શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે યોગ-શાસ્ત્ર પોતાના પરમ ભક્ત રાજર્ષિ 'કુમારપાળ'ના માટે જ તૈયાર કર્યું હતું, અને એક રાજવીના જીવનમાં જો યોગનું સ્થાન હોઇ શકે, તો દરેકે દરેક માનવના જીવનમાં પણ યોગનું સ્થાન હોઇ શકે છે. સમર્થ તત્ત્વજ્ઞાની અને મહાનયોગી શ્રી અરવિંદ આ બાબત પર લખતાં કહે છે કે: 'માણસને પોતાનો આવિર્ભાવ કરવા માટે જે જીવન આપવામાં આવ્યું છે તેનો ત્યાગ કરવો એ માણસની પૂર્ણતા માટે અનિવાર્ય ગણાય જ નહિં, અને યોગનો તે હેતુ પણ હોઇ શકે નહિં. કેટલાક ખાસ સંજોગોમાં એનો જીવનનો ત્યાગ ઇષ્ટ ગણાય, અથવા તો આખી માણસ જાતિની પ્રગતિ કરવા માટે વ્યક્તિને એ પ્રમાણે પ્રેરણા થાય તે બનવા જોગ છે. યોગનો ખરો હેતુ—પૂર્ણ હેતુ—તો જ્યારે માણસનો યોગ, જીવન સાથે એક થાય અને કુદરતના સ્વાભાવિક યોગની પેઠે માણસ પોતાના અંતર જીવન પ્રત્યે દૃષ્ટિ કરી જ્ઞાનપૂર્વક એમ કહી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકે કે 'આખું જીવન યોગ જ છે ત્યારે જ સિદ્ધ થયો ગણાય.'

સદાચાર એ યોગની પ્રાથમિક ભૂમિકા છે. વિચાર, વાણી અને આચારની સંપૂર્ણ શુદ્ધિ એનું જ નામ સદાચાર, વિવેક એ સદાચારનો મુખ્ય પાયો છે. સત્ અને અસત્ અથવા નિત્ય અને અનિત્યને જૂદું પાડવાની શક્તિ તેનું જ નામ વિવેક. સાધકના વર્તમાન વિકાસની ભૂમિકાએ જે પદાર્થો તેને માટે બિનજરૂરી છે, અગર જે પદાર્થોના ભોગથી તેને શરમ ઉપજે છે, તેવા પદાર્થોથી મુક્ત બનવા પ્રયત્નો કરવા એ વૈરાગ્યની પ્રથમ ભૂમિકા છે. માનવીનો મોટો ભાગ આજે પદાર્થોના ભોગની આંટીઘૂંટીમાં ગૂંચવાઈ ગયો છે. જે પદાર્થો સાધનરૂપ છે તેને સાધ્યરૂપ માની, તેની પકડ પાછળ દોડાદોડી કરી માનવી એ પદાર્થોને પકડવાને બદલે એ પદાર્થોથી જ પકડાઈ ગયો છે. સાધક આ વસ્તુ સમજી શકે છે અને વિવેકના શસ્ત્રથી પદાર્થોને ભોગવતો છતાં તેમાં રાગથી બંધાતો નથી. જ્ઞાનીની અવિદ્યા નષ્ટ થયેલી હોવાથી તે તો આસક્તિ વગર જ વિષયોને ભોગવે છે, અને તેથી જ જ્ઞાનીના ભોગોને ભોગાભાસ કહે છે. જનકરાજા બાહ્યદૃષ્ટિએ બીજા રાજાઓની માફક રાજકાર્ય કરતાં, લોકોનું રક્ષણ કરતાં, ન્યાય આપતાં, રત્નજડિત સિંહાસને બિરાજતાં, હીરા માણેકના મુગટ ધારણ કરતાં, અને આમ છતાં એ જનકવિદેહી તરીકે ઓળખાતાં; કારણ કે એમની બધી ક્રિયાઓ ભોગ અર્થે નહીં પણ કર્તવ્યરૂપે થતી.

વૈરાગ્ય એ વિવેકનો સહચર છે. અણસમજુ બાળક સળગતા કોલસાના ટુકડાને હાથમાં લે અને દાઝે, પછી ફરી વખત તે કોલસાના ટુકડાને હાથમાં લેવા પ્રયત્ન નહીં કરે. અનુભવથી એને સમજાયું હોય છે કે એ ક્રિયાના પરિણામે દઝાય છે. અનુભવથી આવું મળેલું જ્ઞાન એ વિવેક. વિવેક પાછળ વૈરાગ્ય આવે છે, પરન્તુ વૈરાગ્ય શબ્દનો અર્થ ઘણા લોકો મોટા ભાગે બહુ ખોટી રીતે કરે છે. વૈરાગ્ય એટલે સંસાર અને જગતના પદાર્થો પ્રત્યે તિરસ્કાર કે ઘૃણા નહિં, પરન્તુ તેના સાચા સ્વરૂપના ભાનથી જે વિરક્તિ ઉપજે એજ વૈરાગ્ય. મહર્ષિ પતંજલી એ યોગ શાસ્ત્રમાં વૈરાગ્યનો અર્થ સમજાવતાં કહ્યું છે કેઃ दृष्टानु श्रविक विषयवितृष्णस्य वशीकारसंज्ञा वैराग्यम् । (સમાધિપાદ ૧-૧૫) અર્થાત્ જોયેલા અથવા સાંભળેલાં સર્વ પ્રકારના વિષયોમાં ચિત્તની તૃષ્ણા રહિત ઉપેક્ષા-વૃત્તિ, તેને વશીકાર નામનો વૈરાગ્ય કહે છે. આપણા તમામ કાર્યોની પાછળ રહેલી મૂળ પ્રેરણા મુખ્યત્વે બે બાબતોને આધીન હોય છે. (૧) આપણે જે કાંઈ જોયું હોય અથવા ભોગવ્યું હોય તે, અને (૨) બીજાઓ પાસેથી સાંભળ્યું હોય તે. આ બે કારણો આપણા ચિત્તરૂપી સરોવરમાં અનેક પ્રકારના તરંગો ઉત્પન્ન કરે છે. આ બંને કારણોની સામે યુદ્ધ કરવાનું અને મનને વશ કરવાનું સાધન વૈરાગ્ય છે. આ લોક તથા પરલોકમાં મળતા બધા વિષયો કે પદાર્થો પ્રત્યેની તૃષ્ણા બુદ્ધિનો નાશ થવાથી ચિત્તમાં જે વશીકાર ભાવ અર્થાત્ કાબુ આવે છે તેનું નામ વૈરાગ્ય છે. વૈરાગ્ય એક પ્રકારના ચોક્કસ જ્ઞાનનું કે તજજન્ય બળનું વાચક છે. તેને આત્મબળની જરૂર પડે છે, તેમજ પદાર્થોના ખરા સ્વરૂપ વિષેનું સાચું જ્ઞાન પણ હોવું જરૂરી છે. આવા વૈરાગ્યની પ્રાપ્તિ માટે મનને નિર્મળ, શુભ અને વિચારપૂર્ણ બનાવવાની જરૂર છે. આપણા પ્રત્યેક કાર્યો આપણા ચિત્તરૂપી સરોવરની સપાટી ઉપર કંપનયુક્ત પ્રવાહ તુલ્ય છે. અમુક સમય પછી કંપન તો શમી જાય છે, પણ તેના સંસ્કાર રહી જાય છે, અને આવા એકત્રિત થયેલા સંસ્કારો આપણા ચારિત્રને ઘડે છે. તેથી કહેવાય છે કે Habit is the second nature અર્થાત્ ટેવ એ સ્વભાવનું બીજું સ્વરૂપ છે. વર્તમાન કાળની આપણી પ્રકૃતિ આપણી ભૂતકાળની પ્રવૃત્તિ-ટેવોનું પરિણામ છે. પ્રકૃતિ બહારથી નથી આવી પડી, આપણે જ તેના રચનાર છીએ અને જે રીતે આપણે તેને ઘડી છે તેજ રીતે તેનો નાશ કરવાની પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણામાં શકિત રહેલી છે.

સત્યાસત્યની પારખ બુદ્ધિ પછી સહજ ભાવે જે વૈરાગ્ય જન્મે, તેજ સાચો યોગ સાધક છે, એમ કહી શકાય. આવેશ અગર પદાર્થોના ત્યાગના કારણે જે વૈરાગ્ય ઉત્પન્ન થાય છે, તે પાણીના પૂરની માફક ઓસરી જાય છે કારણ કે તેમાં વૃત્તિનો પલટો નથી. જૈન દર્શન ચોક્ખુ કહે છે કે પાપ અને પુણ્યનો મૂળ સંબંધ મુખ્યત્વે ક્રિયા સાથે નથી, પણ કરવામાં આવતી ક્રિયા પાછળ જે વૃત્તિ રહેલી હોય છે તેનો સંબંધ પાપ અને પુણ્ય સાથે હોય છે.

પદાર્થો પ્રત્યે આસકિત થવી એના મૂળમાં મોહ રહેલો છે, અને પદાર્થોની પર માલિકી પણું જમાવવાની ઇચ્છામાં પરિગ્રહની ભાવના રહેલી હોય છે. મોહ અને પરિગ્રહ એ કાંઇ બહારની વસ્તુ નથી, પણ એતો વૃત્તિ સાથે જોડાયેલી વસ્તુ છે. વિષય વાસનામાંથી મુકત થવા માટે ભકત સુરદાસજી પોતાની જાતે અંધ બન્યાં, પણ આ માર્ગ સાચો નથી. જ્ઞાની મહાત્માઓએ સાધકોને રૂપતે નજરે પડતું અટકાવવા અર્થે અંધ બનવાનો માર્ગ ન બતાવતા વૃત્તિઓને એવી રીતે કેળવવા ભલામણ કરી છે કે જેથી મનોહર રૂપ દેખી અગર ન ગમતાં રૂપો દેખી તેમાં અસકિત કે દ્વેષ ન થતાં સમભાવ પૂર્વક રહી શકાય. મોહ અને વાસનાનો સંબંધ વૃત્તિ સાથે જોડાયેલો છે, માત્ર અક્ષુ કે ઇન્દ્રિયો સાથે નહિ. મારા એક પરમ મિત્ર અને નિકટના સંબંધી બાલ્યાવસ્થામાંજ અંધ બન્યાં. પ્રૌઢ અવસ્થામાં તેણે એક અંધ બહેન સાથે લગ્ન કર્યાં. પતિ-પત્ની બંને એક બીજાને દેખી શકતાં નથી, પણ તેમ છતાં અરસ પરસની આસકિત ના કારણે તેઓએ સંસાર માંડવો પડયો. આ ઉપરથી સમજી શકાશે કે ઇન્દ્રિયો કરતાં પણ મનની વૃત્તિઓનું દમન કરવાને બદલે સંયમના માર્ગે જઇ આપણે તેની પર આધિપત્ય જમાવવું જોઇએ. યોગ આપણને આજ વસ્તુ શીખવે છે.

કેવળ દમન કરવાથી વૃત્તિઓ શાંત નથી થતી કે તેનો નાશ પણ નથી થતો. અલબત, અનુકુળ અને યોગ્ય સંયોગો જ્યાં સુધી નમળે ત્યાં સુધી આ બધી વૃત્તિઓ દબાઇને મનમાં સુપ્ત અવસ્થામાં પડી રહે છે. વૃત્તિઓ અને વાંસનાઓનું મારણ દમન નહિં પણ સંયમ છે. સંયમનો સાચો અર્થ અમંગલ પ્રવૃત્તિમાં અશકિત, જાણો કે એને એ રૂચેજ નહિં, એમા એને રસ જ ન આવે. મહાત્મા-ગાંધીજી યૌવન અવસ્થામાં આફ્રિકા જતા હતા, ત્યારે વચમાં એક શહેરમાં મિત્રો સાથે એક હલકા પ્રકારની સ્ત્રીને ત્યાં જઇ પહોચ્યાં. પણ ગાંધીજીની શરમાળ અને અનાક્રમણુ વૃત્તિના કારણે તેઓ પાપમાંથી બચી ગયાં આમાં ગાંધીજીની ચતુરાઇ કે ચાલાકી કારગત થવાને બદલે માતા તરફથી સંયમનો વારસો તેમને મળ્યો હતો તેથી જ તેઓ બચી ગયાં.

સંસાર તો અંતરમાં છે, બહાર તો માત્ર પ્રતિબિંબ છે, અને જેવી આપણી વૃત્તિઓ હોય તેવું જ પ્રતિબિંબ બાહ્ય વસ્તુમાં દેખાય છે. પ્રત્યેક પદાર્થ અને પ્રત્યેર વિચાર એ આપણી માનસીક પ્રતિક્રિયાનું જ પરિણામ છે. આ સમસ્ત બ્રહ્માંડ પણ આપણે પોતે આસપાસ પાથરેલી આપણી જ વૃત્તિઓની સમષ્ટિ છે. આપણી પોતાની જ કૃતિ છે. શિવાજી મહારાજની પાસે તેના એક અધિકારીએ એક સુંદર સ્ત્રીને રજુ કરી, ત્યારે તેમની વૃત્તિ અનુસાર એ સ્ત્રીમાં એમને માતાના દર્શન થયાં. એક વિદ્વાન પુરુષે સાચુ કહ્યું છે કે; Beauty is party in him who sees it. સૌન્દર્યને જોવા માટે સુંદર અને નિર્મળ હૃદય હોવું જોઇએ. ઇન્દ્રિયોને અશકત બનાવી તેના પર જીત નથી મેળવી શકાતી, તેઓને જીતવા માટે તો મનરૂપી પતિએ તેમને પ્રેમ પૂર્વક તાબે કરવી રહી. વગર કહ્યુ પતિની ઇચ્છા કે જરૂરીયાતને પત્ની જેમ સમજી જઇ તાબે થાય છે. એમ મન અને ઇન્દ્રિયો વચ્ચે આવી ઐકયતા સધાયા પછી મનની ઇચ્છા પ્રમાણે ઇન્દ્રિયો આપો આપ પ્રસન્તા પૂર્વકની ઐકયતા સાધકને મુકિતના માર્ગે લઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાય છે. ઇન્દ્રિયોના વશીકરણનો એક માત્ર ઉપાય આત્મજ્ઞાન છે. અને આત્મજ્ઞાનથી જ્યાં સુધી વિષયોમાંની નીરસતાનો નિશ્ચયન થાય ત્યાં સુધી ઇન્દ્રિયોનુ પ્રાબલ્ય મનને ઉત્માર્ગે લઇ ગયા સિવાય રહેતું નથી. મન ઇન્દ્રિયોના પતિ બનવાને બદલે ગુલામ બની જાય છે. અને પરિણામે ભવભ્રમણ ઘટવાને બદલે વધે છે.

યોગ માર્ગે જવાને માટે પ્રથમ પગથીયુ વિવેક છે જ્ઞાની મહાત્મા પુરૂષોએ પણ વિવેકની મહત્તા બતાવતાં કહ્યુ છે. કે :-

त्रिणया नाणं नाणाओ,
दंसणं दंसणाओ चरणंच ।
चरणाहिंतो मोक्खो,
मोक्खो सुक्खं निराबाहं ॥

અર્થાત વિવેકથી જ્ઞાન પ્રાપ્ત થાય છે. જ્ઞાનથી દર્શન પ્રાપ્ત થાય છે. દર્શનથી ચારિત્ર પ્રાપ્ત થાય છે. અને ચારિત્રથી મોક્ષ પ્રાપ્ત થાય છે. અને મોક્ષમાં નિરાબાધ સુખ રહેલું છે.

## ધાર્મિક ક્રિયાના ભેદોમાં મુંઝાવું નહીં

સર્વજ્ઞ પરમાત્માની એવી આજ્ઞા છે કે ધર્મક્રિયાના ભેદોમાં મુંઝાવું નહીં અને જે જે ક્રિયાથી અહિંસાદિ ગુણોની ઉન્નતિ થાય તથા અન્તરાત્મદશાપૂર્વક પરમાત્મપદ પ્રગટે એવી સર્વ ધર્મક્રિયાના ભેદોમાં સત્યતા છે અને તે અધિકારી ભેદે કરવી જોઈએ. મહાવીર પ્રભુના શાસનમાં ક્રિયાભેદે કલહતા ટળે અને પરસ્પર ગચ્છધરોમાં ક્રિયાભેદે કલેશ ઇર્ષ્યા ટળે તો તેઓની સમષ્ટિની ઉન્નતિ વિ તવેગે થયા કરે-એમાં કશું આશ્ચર્ય નથી. આત્મજ્ઞાનિયો વિશેષ પ્રમાણમાં પ્રગટે અને તેઓ ક્રિયાભેદોમાં રાગદ્વેષના કાંટાઓ પ્રગટે છે તેઓને દૂર કરે તો કરોડો મનુષ્યો પરસ્પરના શ્રેયઃમાં આત્મભોગ આપી મુક્તિ પ્રાપ્ત કરી શકે. આત્મજ્ઞાની સર્વ ધર્મક્રિયાઓમાં અને પરસ્પર ક્રિયા ક નાઓ તરફ સમાનભાવ ધારણ કરીને ગમે તે ગચ્છ-મતપંથ સંપ્રદાયમાં રહ્યો છતો અન્તરથી નિર્લેપ અને બાહ્યથી સ્વોચિતકર્મ કરતો છતો મુક્તિને જરૂર પામે છે-એમાં અંશ માત્ર શંકા નથી. જ્યારે આવી દશા છે ત્યારે સર્વ મનુષ્યોએ પરસ્પરમાં આત્મતા દેખીને શા માટે ધર્મોન્નતિ ન કરવી જોઈએ? અલબત્ત ધર્મોન્નતિ કરવી જોઈએ. વિવિધ ભેદવાળી ક્રિયાઓથી, વિવિધ ધર્મ-પ્રવૃત્તિઓથી અનેકતા દેખાતી હોય અને તેથી ભિન્ન ભિન્ન ક્રિયાકારકોની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓ દેખાતી હોય તો તેનો ઉચ્છેદ કરવાની કંઈ પણ જરૂર નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મદર્શન વિચાર (૪) રુપાતીત ધ્યાન

(હિંદીમાં) લેખક : **માસ્ટર મેવારામ જૈન**

( ગતાંક પૃષ્ઠ ૧૩૭ થી ચાલુ )

આ પ્રકારનાં ધ્યાનમાં સિદ્ધોનાં ગુણોનો વિચાર કરતાં કરતાં પોતાની જાતને જ સિદ્ધ માનવી. પહેલાં સિદ્ધનાં સ્વરૂપનો વિચાર કરવો કે સિદ્ધ ભગવંત અમૂર્તિક, ચૈતન્ય, પુરુષાકાર, પરમ કૃતકૃત્ય, પરમ શાંત, નિષ્કલ, પરમ શુદ્ધ, આઠ કર્મરહિત, પરમ વીતરાગ, ચિદ્દાનન્દરૂપ, સમ્યક્ત વિ. આઠ ગુણોવાળાં, પરમ નિર્લેપ, પરમ સંતોષી, સ્વરૂપ મગ્ન, સ્ફટિક-મણીની જેમ નિર્મળ, નિરંજન, નિર્વિકાર અને લોકાગ્ર વિરાજમાન છે. પછી વિચારતાં વિચારતાં પોતાના આત્માને જ સિદ્ધ સ્વરૂપ માનીને ધ્યાન કરવું કે હું પોતે જ પરમાત્મા છું, સર્વજ્ઞ છું, સિદ્ધ છું, કૃતકૃત્ય છું, વિશ્વલોકી છું, નિરંજન છું, સ્વભાવસ્થિર છું, પરમાનન્દભોગી છું, કર્મરહિત છું, પરમવીતરાગ છું, પરમશિવ છું તથા પરમશુદ્ધ છું —આવી રીતે પોતાના સ્વરૂપમાં ધ્યાનમગ્ન થઇ જવું.

સિદ્ધ પરમાત્માનું ધ્યાન કરતાં કરતાં જ્યારે અદ્વૈતભાવમાં પહોંચાય, ત્યારે પોતાને જ સિદ્ધની જેમ શુદ્ધ સમ માનીને તેમાં જ એકદમ તન્મય થઇ જવું–તે રૂપાતીત ધ્યાન કહેવાય છે.

આ પ્રકારે જે ધ્યાનનો અભ્યાસ કરવાની ઇચ્છા થાય, તેને ચોક્કસ આસનમાં બેસીને પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત–આમાંથી જે ધ્યાન કરવું હોય તેનો બરાબર અભ્યાસ કરવો. પરંતુ, એક પ્રકારનાં ધ્યાનનો અભ્યાસ જ્યારે બરાબર પુરો થઇ જાય, ત્યારે જ બીજા પ્રકારના ધ્યાનનો અભ્યાસ કરવો. 'ધ્યાન'નો હેતુ આત્મસ્થ થવાનો જ છે. જે રીતે આ હેતુ સિદ્ધ થઇ શકે, તે રીતથી ધ્યાન કરનારે તેનો અભ્યાસ અને અમલ કરવો જોઇએ. 'ધ્યાન' વડે જ પરમાનન્દનો લાભ મળે છે અને કર્મોની નિર્જરા થાય છે.

## —: પ્રાણાયામની વિધિ :—

પ્રાણાયામ શરીરની શુદ્ધિ માટે અને મનને એકધ્યાન કરવા માટે સહાયભૂત થાય છે. પરંતુ, તે એટલું બધું જરૂરી નથી કે જેના વિના આત્મધ્યાન થઇ જ ન શકે–તેટલા માટે, જેઓ કોઇ પ્રાણાયામનાં જાણકાર વિદ્વાનો પાસેથી પ્રાણાયામ શીખ્યા ન હોય, તેઓ પણ જ્ઞાન અને આત્મબળથી આત્મધ્યાન જરૂર કરી શકે છે. તેમનું મન પોતાની મેળે જ કોઇ અન્ય પ્રયત્નો વગર જ રોકાઇ જાય છે.

પ્રાણાયામનાં ત્રણ પ્રકાર છેઃ— (૧) પૂરક (૨) કુંભક અને (૩) રેચક.

(૧) તાળવાનાં છેદ્ર પાસેથી અને બાર આંગળી સુધીનો પવન ખેંચી લઈને પોતાનાં શરીરમાં ભરવો–તે પૂરક કહેવાય છે.

(૨) તે ખેંચેલા પવનને નાભિ આગળ રોકવો, નાભિ આગળથી બીજે કયાંય જવા ન દેવો. જેમ ઘડો ભરીએ તેવી રીતે ત્યાં પવન ભરવો- તે કુંભક કહેવાય છે.

(૩) તે જ પવનને ધીમે ધીમે બહાર નીકળવાં દેવો–તે રેચક કહેવાય છે.

શીખવા માંગનારે પવનને અંદર લઇને રોકવાનો અને પછી ધીમે ધીમે તાળવા દ્વારા જ બહાર કાઢવાની ટેવ પાડવી જોઇએ, જેમ વધુ વાર પવનને રોકી શકશે, તેમ તે મનને પણ વધુ સમય રોકી શકશે. નાકથી પવન લેવા–કાઢવાને બદલે તાળવાથી જ પવન ખેંચવો અને તાળવાથી જ બહાર કાઢવો જોઇએ. તેની પ્રેકટીશ ખુલ્લી સ્વચ્છ હવામાં કરવી જ યોગ્ય છે. તેનાથી શરીરને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણો લાભ થાય છે. જેવી રીતે નાભિકમળમાં પવનને રોકાય, તેવી જ રીતે હૃદયકમળમાં પણ રોકી શકાય.

પ્રાણાયામમાં ચાર મંડલને જાણી લેવા જોઈએ ( ૧ ) પૃથ્વી મંડલ ( ૨ ) જળમંડલ ( ૩ ) પવન મંડલ ( ૪ ) અગ્નિ મંડલ.

પીળા રંગનો ચોરસ પૃથ્વી મંડલ છે. જ્યારે નાકનાં ભાગને પવનથી ભરીને આઠ આંગળ બહાર પવન ધીમે ધીમે નીકળતો રહે, ત્યારે પૃથ્વી મંડલને જાણવું જોઈએ આ પવન સહેજ ગરમ હોય છે.

( ૨ ) અર્ધચંદ્રમાની જેમ સફેદ રંગવાળું જળ-મંડલ છે. આમાં પવન ઝડપથી નીચેની બાજુ ઠંડકને લઈને જ બાર આંગળ બહાર નીકળે છે.

( ૩ ) લીલા રંગનું ગોળ પવન મંડલ છે. તેમાં પવન દરેક દિશામાં વહેતો વહેતો છ આંગળ સુધી બહાર આવે. આ પવન ગરમ અને ઠંડો બન્ને પ્રકારનો હોય છે.

( ૪ ) અગ્નિની જવાળાનાં રંગ જેવો ત્રિકોણ આકારનો અગ્નિ મંડળ છે. તેમાં પવન ઉપર જતો જતો ચાર આંગળ સુધી બહાર આવે. તે ગરમ હોય છે.

નાકને બે સ્વરો ( વિભાગ ) છે. જમણી બાજુનાં શ્વાસને ચન્દ્ર અને ડાબી બાજુનાં શ્વાસને સુર્ય કહે છે. કોઇ પણ મહિનાની શુકલ પક્ષની ( અજવાળીયું ) એકમ બીજ અને ત્રીજના દિવસે પ્રાતઃકાળે જમણી બાજુનો એટલે કે ચંદ્રસ્વર ચાલે તે શુભ ગણાય છે. પછીના ત્રણ દિવસોએ પ્રાતઃકાળ સમયે ડાબી બાજુનો એટલે કે સુર્ય સ્વર ચાલે તે શુભ ગણાય છે, પછીના ત્રણ દિવસ જમણી બાજુનો — એવી રીતે પંદર દિવસ સુધી બદલાતું રહે છે.

કૃષ્ણપક્ષ ( અંધારીયું )ની એકમ, બીજ અને ત્રીજ એ ત્રણે દિવસોએ પ્રાતઃકાળ વખતે ડાબો એટલે કે સુર્ય સ્વર ચાલે તે શુભ ગણાય. પછી દર ત્રણ ત્રણ દિવસે સ્વર બદલતાં રહેવું. જો તેનાથી વિરોધ સ્વરે ચાલે. તો તેને અશુભ તરીકે જાણવાં. નાકની જમણી તરફનો કે ડાબી તરફનો એક સ્વર બરાબર ૨½ ઘડી એટલે કે એક કલાક સુધી ચાલે છે. પછી તે સ્વર બીજા કલાકમાં ડાબી કે જમણી બાજુનો થઈ જાય છે. કેટલાંક આચાર્યોએ ૨૪ કલાલમાં ૧૬ વાર પવન બદલાય છે. તેમ લખ્યું છે.

ઉપર જણાવેલા પૃથ્વીને ચાર મંડલોનાં પવનોને જાણવાની બીજી રીત એ છે કે પોતાનાં બંન્ને કાનોને બંન્ને હાથોનાં અંગૂઠાથી બંધ કરી દેવાં, તે જ વખતે આંખોને બંન્ને હાથોનાં અંગૂઠાની પાસેથી આંગળીઓથી બંધ કરવી અને નાકને હાથોની વચલી આંગળીઓથી તથા મોંને બાકીની આંગળીઓથી બંધ કરી દેવું; અને મન વડે જોવું તો બિંદુ જોવાં મલશે. જો તે બિંદુઓ પીળા દેખાય, તો પૃથ્વીમંડલ માનવું, જો સફેદ દેખાય તો જલમંડલ સમજવું, જો લાલ દેખાય તો અગ્નિમંડલ અને જો કાળા દેખાય તો પવન–મંડલ સમજવું. આ ચાર મંડલોમાંથી જો પૃથ્વીમંડલ અથવા જલમંડલ દેખાતાં હોય, તો તે સમય શુભ કાર્યો માટે એટલે કે સ્વાધ્યાય વિ. માટે શ્રેષ્ઠ સમય ગણવો. પૃથ્વી અને જલ તત્વનો પવન જમણી બાજુનાં સ્વરમાંથી નીકળતો હોય, તો તે કાર્યની સિદ્ધિ બતાવે છે. અગ્નિ અને પવનમંડલો જો ડાબી બાજુથી વહેતા હોય, તો અશુભસૂચક છે. અગ્નિ અને વાયુમંડલો જો જમણી તરફથી વહે અથવા પૃથ્વી અને જલમંડલો જો જમણી તરફથી વહે, તો તે મધ્યમ પ્રકારનાં ફળને આપનાર થાય છે.

જમણાં સ્વરને શુભ અને ડાબાને અશુભ ગણવામાં આવે છે.

સ્વરોની મદદથી હૂઁ મંત્રનાં ધ્યાનની વિધિ નીચે પ્રમાણે છે, તેનાથી સ્વર શુદ્ધ થાય છે. પહેલાં નાભિ કમળની મધ્યમાં હૂઁ ને ચંદ્રમાંની જેમ ચમકતો હોય તેમ વિચારવું પછી તેમ વિચારવું કે તે હૂઁ ડાબા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વરથી બહાર નીકળ્યો અને ચમકારા મારતો આકાશમાં ઉપર ચાલ્યો ગયો, પછી પાછો આવ્યો અને જમણા સ્વરમાંથી અંદર પ્રવેશીને નાભિમંડળમાં સ્થિર થઈ ગયો. આવી રીતે વારંવાર પ્રેકટીશ કરીને ર્હૂં ને ફેરવીને નાભિમંડળમાં સ્થિર કરવો જોઇએ.

આનાથી વધુ વિગતો માટે શ્રી જ્ઞાનાર્ણવ ગ્રન્થ જોવો જોઇએ. પૂરક, કુંભક, અને રેચકનો અભ્યાસ (પ્રેકટીશ) ખૂલી હવામાં કરવાથી શરીરની શુદ્ધિ અને મનને રોકવા માટે એક શ્રેષ્ઠ સાધન મળે છે. આટલું ઉપયોગી સમજીને, કોઇ જાણકાર વિદ્વાનની પાસેથી પ્રાણાયામનો અભ્યાસ કરવો જોઇએ.

આ રીતે 'ધ્યાન'ની કેટલીક રીતો મોક્ષાર્થી અને આત્માનંદ ધ્યાની જીવોનાં લાભ માટે લખવામાં આવ્યું છે. આને વાચીને ભવિજીવો હંમેશને માટે અવશ્ય ધ્યાનનું આરાધન કરે. આરાધનાથી ધ્યાનની સિદ્ધિ અવશ્ય થાય છે.

[સ્વ. બ્ર. શીતલપ્રસાદજી કૃત તત્વભાવના ટીકામાંથી]

કૈલાશચંદ્ર ર. મહેતા
બી. ઈ. સીવીલ, (સાણંદવાળા)

## મહાવીરની ધર્મદેશના

ભારતના કર્મયોગીઓના અને જ્ઞાનયોગીઓના શિરોમણિ સર્વજ્ઞપ્રભુશ્રીમહાવીરદેવે આયુષ્યનો અંત થતાં સોળ પ્રહર સુધી ધર્મદેશના દઈ જગત્જીવોનો ઉદ્ધાર કરી શરીરનો ત્યાગ કર્યો હતો. તેઓએ કૃતકૃત્ય થઇ વિશ્વ મનુષ્યોને જાહેર કર્યું છે કે—છેલ્લી આયુષ્યની પળપર્યંત પણ શુભ કર્મનો યોગ ત્યજવો નહીં શ્રી મહાવીરપ્રભુના શિષ્ય ગૌતમસ્વામીએ પણ છેલ્લા સમય સુધી ભવ્યજીવોને સદુપદેશ દઇ જ્ઞાનયોગીની કર્મ–ફરજને અદા કરી હતી. ત્રયોદશ ગુણસ્થાનકવર્તિસર્વજ્ઞ તીર્થંકરોસમા મહાદેવો પણ વીતરાગ બન્યા છતાં શુભકર્મનો ત્યાગ કરતાં નથી તો અન્યજીવોએ શુષ્કજ્ઞાની બની કેમ શુભપારમાર્થિક આવશ્યક કર્મનો ત્યાગ કરવો જોઇએ? અલબત્ત ન કરવો જોઈએ. જ્ઞાની–કર્મયોગીના જીવનો એક શ્વાસોચ્છવાસ પણ જગત્‌ની કલ્યાણની પ્રવૃત્તિ વા શુભ વિચાર વિના જતો નથી. આ વિશ્વમાં જ્ઞાનીકર્મયોગી મહાત્માઓ સર્વ કંઈ કરે છે, છતાં કરતાં નથી અને અજ્ઞાનીઓ મોહથી હાથ પગ હલાવ્યા વિના બેસી રહે છે છતાં તેઓ મોહશક્તિથી કર્તા છે, માટે અજ્ઞાનદશા–મોહદશાનો ત્યાગ કરી સર્વ શુભ કર્મોને કરવાં જોઇએ. મૂઢમનુષ્યોના જ્ઞાનીગુરુઓ છે. મૂઢમનુષ્યાનાં હૃદયને શુદ્ધ કરવાં એ જ જ્ઞાનીઓનું કર્તવ્ય છે. આત્મજ્ઞાનીઓનું વાસ્તવિક કર્તવ્ય એ છે કે મોહાસક્ત મૂઢ મનુષ્યોને આત્માનું વાસ્તવિક સ્વરૂપ જણાવવું અને પ્રભુની ભક્તિદ્વારા મોહબુદ્ધિનો નાશ કરાવીને વિશ્વજનોને પવિત્ર કરવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મવિશ્વાસ

લેખકઃ—**સાહિત્યચંદ્ર બાલચંદ્ર હીરાચંદ, (માલેગામ.)**

હંમેશ બને છે એવુ કે મનુષ્યને પોતાની શક્તિ કેવી અને કેટલી છે એનો ખ્યાલ હોતો નથી. કારણ એના એ શક્તિ સુપ્તપ્રાય, તિરોહિત અને કર્મજનિત આવરણોથી ઢંકાએલી હોય છે. એને જો ખાત્રી થઇ જાય કે, પોતામાં એ શક્તિ વિદ્યમાન છે. અને એ પ્રયત્ન કરે તો તે પ્રગટ કરી શકે, તો જ એ તે દિશાથી પ્રયત્ન આદરી શકે. પણ વસ્તુસ્થિતિ એવી છે કે એને પોતામાં રહેલી પ્રસુપ્ત શક્તિની ખબર જ હોતી નથી.

એક ફાનસમાં દીવો બળતો હોય છે. એ પેહેલા તો કાચ જેવા પારદર્શક આવરણથી ઢંકાએલો હોય છે. ત્યારે એની પ્રકાશ પાડવાની શક્તિ જણાઈ આવે છે. એ કાંચ ઉપર જો કપડાનું આચ્છાદન કરી લીધેલું હોય ત્યારે તેના પ્રકાશનો અવરોધ હોવાને લીધે આછો પાતળો પ્રકાશ આપણે જોઇ શકીએ છીએ. એ કપડા ઉપર જો કાળા કાગળનો પડદો કરવામાં આવે ત્યારે તેમાં કાંઇક પ્રકાશ હોવો જોઇએ એવો આભાસ થાય છે. અને અનુક્રમે એ ફાનસ લોઢાના વાસણમાં મૂકી દેવામાં આવે ત્યારે અંદર પ્રકાશ આપનારો દીવો વિદ્યમાન છે અને એમાં પ્રકાશ પાથરવાની શક્તિ છે એવુ આપણે કહીએ ત્યારે એ વસ્તુ કોઈ ખરી પણ માની શકે નહીં. એવી રીતે કર્મજનિત આવરણોને લીધે આપણે તે આત્માની શક્તિને જોઈ શકતા નથી. માણુસને આવી પરિસ્થિતિમાં આત્મવિશ્વાસ જાગે પણ કેમ ?

બાલક જ્યારે અજ્ઞાન ગણાય છે, ત્યારે તેનામાં કેવા પ્રકારના ગુણો ગુપ્તરીતે રહેલા છે એ આપણે જાણી શકતા નથી. એવામાં કોઇ સામુદ્રિક શાસ્ત્ર જાણનારો એની રેખાઓનું નિરીક્ષણ કરી કહે કે, એ બાલક એક દેશનેતા થશે, અગર મહાન લક્ષ્મીધર થશે, અથવા ધર્મધુરંધર થશે. એવું એવું કાંઇ જણાવી દે તો આપણે તેના બોલવા ઉપર વિશ્વાસ પણ ન કરીએ. પણ પ્રત્યક્ષમાં એવું જ્યારે બનેલું આપણે જોઇએ છીએ ત્યારે આપણા આશ્ચર્યનો પાર રહેતો નથી. એનું કારણ એટલું જ છે કે, આપણે આત્માના પ્રસુપ્ત ગુણો જાણવાની શક્તિ ધરાવતા નથી. જગતમાં અનંત વસ્તુઓ એવી છે કે, એઓના ગુણો કે એમાં રહેલી શક્તિથી આપણે અજ્ઞાન છીએ.

આપણે હાલના અણુયુગના જમાનામાં પ્રત્યક્ષ જોઇએ અને અનુભવવિએ છીએ કે, વિજ્ઞાનીઓ ચૈતન્યહીન જડવસ્તુઓના અંતર્હિત ગુણોને કોઇ પણ રીતે જાગૃત કરે છે. અને એમાં રહેલા ગુણોનો આવિષ્કાર પ્રગટ કરે છે. એ ગુણો એ વસ્તુમાં પેહેલાથી જ વિદ્યમાન હતા એ આપણે નિઃસંકોચપણે કબુલ રાખીએ છીએ. અને એ ગુણો પ્રગટ કરવાની યુક્તિ અને પ્રક્રિયા એ કોઇ વિજ્ઞાની શોધી કાઢે છે ત્યારે જ તે પ્રગટ થાય છે. જ્યારે જડવસ્તુમાં આવા અનેક ગુણો વિદ્યમાન છે, અને આપણે જ્યાં સુધી તે પ્રગટ થયા નથી ત્યાં સુધી જાણી ન શકીએ એ સ્વભાવીક છે. પણ અનુભવ કહી આપે છે કે, જડમાં પણ એવા અનંત ગુણો પડેલા છે કે જેનુ આપણે સ્વપ્નમાં પણ દર્શન થયેલું નથી. તેવી જ રીતે આપણા આત્મામાં અનંત જ્ઞાન ભરેલુ છે. તેમ અનંત શકિત ભરેલી છે. તેનુ આપણને જ્ઞાન થયું નથી. તેને લીધે આપણે આપણા આત્મા ઉપરનો વિશ્વાસ ખોઇ બેઠેલા છીએ.

જ્યારે કોઇને કહીએ કે, તીર્થંકર ભગવંતો, ગણધરો, યુગપ્રવર્તક આચાર્યો ઉદ્દાર મનસ્વી અને ધર્મને માટે પોતાના પ્રાણ અર્પણ કરનાર મહાપુરૂષોની વાતો તમે જાણો છો કે ? અનેક શ્રાવકો કે

For Private And Personal Use Only

જે પ્રભુ મહાવીર જેવાના સાચા ભકતો કહેવાયા, તેમજ અનેક મહાસતીઓના નામો આપણે લેઇએ છીએ એવાઓની વાતો કહીએ અને પૂછીએ કે તેમના જેવા આપણે કેમ નહીં થઇ શકીએ એમ સાંભળી તરત જ આપણને તેઓ એવો જવાબ આપશે કે, કયાં એ મહાન આત્માઓ અને કયાં આપણે પામર અને નગણ્ય માનવો ! આપણાથી એમની બરાબરી થાય જ કેમ ? એમને તો આપણે ફકત વંદન કરવાનુ હોય ! આપણાથી એમના જેવી થવાની વાત પણ નિરર્થક હસી કાઢવા જેવી છે !

આ જવાબ જ એવો છે કે, આપણે પોતે પોતાઉપરનો વિશ્વાસ ગુમાવી બેઠા. છીએ. અને આપણામાં એ અઘટિત ન્યૂનગંડ ભરાઇ બેઠેલો છે. આપણે બધા હીંમત હારી બેઠેલા છીએ અને આગળ વધવાનુ આપણને પાલવે તેમ છે જ નહીં. એ પામરતા જ આપણી પ્રગતિનાં અવરોધ કરનારી છે. એવા વિચારોને લીધે જ આપણે પોતાનો આત્મ-વિશ્વાસ ખોઇ બેઠેલા છીએ.

પૂર્વોકત મહાપુરૂષોના ચરિત્રોનો આપણે જો અભ્યાસ કરીએ અને તેના ઉંડાણમાં જો આપણે ઉતરીએ તો આપણી ખાતરી થશે કે, એમાના ઘણા ખરા આત્માઓ આપણા જેવા અપૂર્ણ, કર્માચ્છાદિત અને સામાન્ય આત્મા હતા. અને તેઓએ સામાન્ય-માંથી મહાન્ થવાનો જ્યારે કૃતનિશ્ચય કર્યો અને ધીમે ધીમે પણ મક્કમપણે પ્રયત્ન આદર્યો ત્યારે જ કાલાંતરે તેઓ મહાન થઇ શકયા. જ્યારે આપણા જેવા જ બીજા આત્માઓ મહાત્મા અને પરમાત્મા થઇ શકે છે ત્યારે આપણે તેવા કેમ થઇ ન શકીએ ? જો અધિકાર અને શકિત, તેમજ ઉત્ક્રાંત થવાની લાયકાત અમુક આત્મામાં હોય ત્યારે બીજાઓ તેથી વંચિત રહે એ બનવું જ અશકય છે. નિયમો તો આ સૃષ્ટીમાં સમાન જ હોય, અને છે. ત્યારે આપણે આવી રીતે નિરાશ થવાનું કારણ કયાં છે ? વિશ્વાસ રાખવો જોઇએ કે, આપણને પણ આત્મારૂપે બધા અધિકારો મળેલા છે જ. ખામી આપણા પ્રયત્નોની છે. સૃષ્ટિ નિયમની નહીં !

આવો આત્મવિશ્વાસ જ્યારે આપણામાં પેદા થાય અને આપણા અધિકારની જ્યારે આપણને ઓળખાણ થાય છે ત્યારે આપણો આગળ વધવાનો માર્ગ સરળ અને નિષ્કંટક બની જાય છે. પ્રગતિ સાધવી, અવરોધો દૂર કરવા આગળ વધવું એ આત્માનો સ્વભાવ છે. અને કૃમિ કિટકોના આત્માઓ પણ છુટા થઈ શાંતિનો માર્ગ શોધતા જ હોય છે. એમ અનુભવ છતાં આપણા જેવા માનવ દેહધારી આત્માઓ કે જેમને મન બુદ્ધિની સહાયતા મળી ગઇ હોય, જ્ઞાનના સાધનોની અનુકૂલતા મળી મળેલી હોય એવા આત્માઓએ નાસીપાસ થવાની શી જરૂર હોય ?

આત્મવિશ્વાસ એ મનુષ્યને તરીજવા માટે એક અમોઘ સાધન થઇ શકે તેમ છે. આપણે તેનો સદુપયોગ કરવાનું શા માટે ટાળવું ? હું પામર છું મારાથી કાંઇ પણ થાય તેમ નથી. એવા માયકાંગલા અને નિર્વીર્ય વિચારો આપણે શામાટે કરીએ, એ સમજાતું નથી. આત્મા એ સકલ જ્ઞાન અને શક્તિનો ધણી છે. એવું અનુભવી જ્ઞાની ભગવંતો આપણને દિલાસો આપી આપણને આગળ વધવાને અને આવરણો કે અવગુણો દુર હડસેલી નાખવા આપ-ણને કહેતા હોય છતાં આપણે એમના કહેવાનો આદર નહીં કરીએ એમાં દોષ કોનો ? આપણે અજ્ઞાનપણાથી અને અવિદ્યાના પટલોથી આપણું પોતાનું સ્વરૂપ નહીં જોતાં બાહ્ય ખટપટોથી પાછળ પોતાની શક્તિ વેડફી નાખીએ છીએ એમાં શંકા નથી.

સમુદ્રમાં પાણીના તરંગો ઉઠતાજ હોય છે. એક તરંગ ઉંચો ઉઠે છે, ત્યારે તેની નજીકમાં એક ખાડો પડે છે. આમ ઉંચા નીચા આંદોલનો અખંડ રીતે ચાલ્યાજ કરે છે. આપણે એ તરંગોજ જોતા રહીએ છીએ. પણ એની પાછળ એક સ્થિર ગંભીર અને શાંત સમુદ્ર છે એનો વિચાર કરતા નથી. ફક્ત તરંગો કે મોજાઓ એટલેજ સમુદ્ર એવી ભ્રામક કલ્પના

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણી નજર સામે તરવરે છે. સમુદ્રના મોજાઓ એ આપણને ભ્રમણમાં નાંખનારા સુખ દુઃખના સંસારના ભ્રામક અનુભવો જેવા છે. જેમ હરણિયું આ આવ્યું પાણી એવી ભ્રમણામાં મરીચિકા પાછળ દોડતું રહે છે. અને પોતાની શક્તિ ખોઇ બેશે છે અને આખરે તરસ્યોજ રહી તરફડીઆ મારતો રહે છે, તેવી જ રીતે આપણે પણ જલના તરંગો પાછળ જ દોડતા રહીએ છીએ. તરંગો ઉંચો ચઢે છે ત્યારે સંસારી માણસને સુખનો ભાસ થાય છે. પણ તેની પાછળ દુઃખનો ખાડો આવી જ ગયો છે એનું એને ભાન હોતું નથી. સુખ અને દુઃખની આ એવી ભ્રમણામાં નાંખનારી પરંપરા છે કે આપણને ભૂલાવામાં નાખી આગળને આગળ ધકેલ્યા જ કરે છે. વાસ્તવિક જોતાં જેને આપણે સુખનું નામ આપીએ છીએ તે સુખ છે જ નહીં. તેમ જેને આપણે દુઃખનું નામ આપીએ છીએ તે દુઃખ પણ નથી. એ તો સમુદ્રના તરંગોની પેઠે ક્ષણજીવી કલ્પનાઓ જ છે. માટે જ અમો કહીએ છીએ કે, એ તરંગોને બાજુ ઉપર મૂકી અંદર જરા ડોકીયું કરો. આત્મવિશ્વાસ રાખો એટલે તમને જણાશે કે, આપણો આત્મા અનંત સુખનો અને અખૂટ જ્ઞાનનો ધણી છે. અમારા લખાણનો હેતુ એટલો જ છે કે, આપણે જે આત્મવિશ્વાસ ખોઇ બેઠા છીએ તેનું આપણને સ્મરણ થાય. અને આપણે તુચ્છ વિચારો છોડી પોતાના આત્માના સંશોધનમાં લાગી જઇએ. આત્માનું સ્વરૂપ જ્યારે આપણી આગળ છતું થશે ત્યારે આપણને નવો પ્રકાશ અને અપૂર્વ આનંદ અનુભવવા મળશે. બધાઓનું કલ્યાણ થાઓ ! ઇત્યલમ્.

## આત્મજ્ઞાનીનો અધિકાર.

આત્મજ્ઞાન પામ્યાવિના અને અહંમમત્વ ત્યાગ્યાવિના કેટલાક લોકો નિષ્ક્રય બની જાય છે તેથી તેઓ કર્મયોગથી ભ્રષ્ટ થઇને પુનઃ હાત ત્યાંના ત્યાં આવીને ઉભા રહે છે. જ્ઞાનીનો અનન્ત અનુભવ છે. ભારતવર્ષમાં અનેક જ્ઞાનીઓ ઉદ્ભવે છે તેઓ લોક કલ્યાણકારક કર્મોમાં લોકોને યોજે છે. અહંમમત્વના ત્યાગથી જ્ઞાનીઓ જે કાંઈ કરે છે તેમાં તેઓ બંધાતા નથી, તેથી કર્મ કરવાનો અધિકાર જ તેઓને છે એમ સિદ્ધ થાય છે. જ્ઞાનીઓ અન્તરમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ ધ્યાનના વિચારો કરે છે તે પણ એક જાતની સૂક્ષ્મ ક્રિયા છે તેની સિદ્ધિથી જગતના લોકો પર અનંતગુણો ઉપકાર કરી શકાય છે.

❀

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "આત્મવિકાસ અને તેના ઉપાયો"

**કિરણ શાંતિલાલ**

હાઇડ્રોજન બોમ્બ અને હેલીકોપ્ટરના આ જમાનામાં જ્યારે મંગળ પર ચડાઈ કરવાના ચક્રો ગતિમાન થઇ ચૂક્યા છે, ચંદ્ર પર સંદેશાઓની આપ-લે થઈ રહી છે, ભોગ, ઉપભોગ અને પરિભોગના સાધનો શુદ બીજના ચંન્દ્રની જેમ દિન-પ્રતિદિન વધી રહ્યા છે, દુન્યવી પ્રલોભનો ડગલેને પગલે અથડાયા કરે છે. સંસારના ક્ષણિક સુખોના ભોગવટામાં જ માનવ જીવનની સફળતા માનવામાં આવી રહી છે. ચંદ્રની ચાંદનીમાં, સૂર્યના પ્રકાશમાં. વીજળીના ચમકારામાં, સાગરના મોજામાં, સમીરની શીતળતામાં અને પુષ્પોના પમરાટમાં જ્યારે વિલાસ માનવામાં આવી રહ્યો છે. અરે! જયારે સારૂંયે વિશ્વ વિલાસમય બની ગયુ છે, ત્યારે આત્મા, કર્મ, ધર્મ ઇત્યાદિની વાતોને તો કેવળ ગાંડાઓના મિથ્યા પ્રલાપ તરીકે હસી કાઢવામાં આવે છે, પરંતુ દુનિયાના આ અશાશ્વત પદાર્થોમાં આત્મા, કર્મ અને ધર્મ જેવા શાશ્વત પદાર્થોની ઉપેક્ષા કર્યે કેમ ચાલે?

અનાદિથી આપણો આત્મા ભવઅટવીમાં ભ્રમણ કરી રહ્યો છે, સંસારના ત્રિવિધ તાપોમાં તપી રહ્યો છે, જન્મ, જરા, મૃત્યુ, રોગ, શોક, સંતાપ, સંયોગ, વિયોગ આદિ સ્થિતીને સહન કરી રહ્યો છે આ બધુ શાથી' અનંત સુખના સ્વામી એવા આ આત્માને સંસારચક્રમાં શા માટે રીબાવુ પડે છે? અનંત દુઃખના સ્થાનરૂપ સૂક્ષ્મનિગોદમાં આત્માએ અનંતકાળ વીતાવ્યો, ત્યાંથી કર્મરાશી કંઇક ઓછી થતાં ક્રમે ક્રમે એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, તિર્યંચપચેન્દ્રિય વિ. ભવોમાં ભૂંડાહાલે ભટકયો. આમ ભ્રમણ કરતાં અનંત પૂન્યરાશી એકઠી થવાથી દુર્લભ માનવદેહની પ્રાપ્તિ થઇ. ઉત્તમકુળ, આર્યક્ષેત્ર અને પરમોચ્ચ જૈન શાશન મળ્યુ કે જેના દ્વારા એ અજર, અમર અને શાશ્વત એવા આત્માની આપણને ઓળખ થઇ.

આત્માનો સંપૂર્ણ વિકાસ સાધી તેને પૂર્ણતાના શીખરે પહોંચાડવાની અભિલાષા જાગી. આ તો કોઇ પ્રબળ પૂન્યોદયે બાકી મહાપ્રયત્ને પ્રાપ્ત થયેલ માનવ જીવનમાં પણ અનેક પ્રકારની વિષમતાઓ વેઠવી જ પડે છે. આનું કારણ શું? ઉત્તર એક જ છે. અનાદિથી આપણો આત્મા કર્મજંજીરોમાં જકડાયેલો છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આદિ આઠ આઠ કર્મોએ તેને એવો કેદ કર્યો છે કે જેથી તે મુકત થઇ શકતોજ નથી. તેના અવળા પ્રયત્નોને લીધે જેમ જેમ તે મુક્ત થવા પ્રયત્ન કરે છે તેમ તેમ વધુ ને વધુ બંધાતો જાય છે. કારણ પુરૂષાર્થ કર્મબંધ તરફનો છે આ કર્મબંધ અટકે અને જૂના કર્મોની નિર્જરા થાય તોજ આત્મવિકાસની શરૂઆત થાય પણ આમ બને કયારે? ખૂબ વિચાર કરવાથી જણાયછે કે આત્માના પરિણામ આવી ઉચ્ચકક્ષાએ પહોંચવા અતિદુર્લભ છે. અજ્ઞાનતા અને મુઢતામાંજ આ જીવે અનંતકાળ ગુમાવ્યો વળી કોઇ શુભયોગે માનવદેહ, દેવગુરૂ, ધર્મની સામગ્રી મળી તો પણ આત્મલક્ષીઓની સંખ્યા ઘણી જ ઓછી ભૌતિકસુખની ખોજમા પડેલ માનવને આત્મતત્વની ચીંતાજ નથી.

આમ વિપરીત પરિસ્થિતિને કારણે આત્માએ ઘણો કચરો એકઠો કર્યો. આ કચરાના કારણેજ આત્મવિકાસને બદલે આત્માનું અધઃપતન થઇ રહ્યુ છે. જ્યાં સુધી આત્માને ક્રૂર કર્મોનો વિયોગ નહિ થાય ત્યાં સુધી આજ પરિસ્થિતિ રહેશે. કર્મમુક્ત થતાંજ તે શુદ્ધ અને સ્વસ્વરૂપે પ્રકાશીત થાય છે.

આવા મલિન આત્માને શુદ્ધ બનાવવાના જ્ઞાની ભગવંતોએ અનેક ઉપાયો દર્શાવ્યા છે.

જેમ માટી વિના ઘડો, સુતર વિના વસ્ત્ર, ધાતુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંતની અમીધારા

જિજ્ઞાસુ

**જે સ્વરૂપ સમજ્યા વિના,**
**પામ્યો દુઃખ અનંત;**
**સમજાવ્યું તે પદ નમું,**
**શ્રી સદ્ગુરુ ભગવંત.**

"શારીરિક, માનસિક અનંત પ્રકારનાં દુઃખોએ આકુલ–વ્યાકુલ જીવોને તે દુઃખોથી છૂટવાની બહુ બહુ પ્રકારે ઇચ્છા છતાં તેમાંથી તે મુક્ત થઇ શકતા નથી તેનું શું કારણ ? એવું પ્રશ્ન અનેક જીવોને ઉત્પન્ન થયા કરે; પણ તેનું યથાર્થ સમાધાન કોઇ એક વિરલ જીવને જ પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી દુઃખનું મૂળ કારણ યથાર્થપણે જાણવામાં ન આવ્યું હોય ત્યાં સુધી, તે ટાળવાને માટે ગમે તેવો પ્રયત્ન કરવામાં આવે તો પણ દુઃખનો ક્ષય થઇ શકે નહીં, અને ગમે તેટલી અરૂચિ, અપ્રિયતા અને અભાવ દુઃખ પ્રત્યે હોવા છતાં તેને અનુભવ્યા જ કરવું પડે.

અવાસ્તવિક ઉપાયથી તે દુઃખ મટાડવાનો પ્રયત્ન કરવામાં આવે અને તે પ્રયત્ન ન સહન થઇ શકે એટલા પરિશ્રમપૂર્વક કર્યો હોય છતાં તે દુઃખ ન મટવાથી દુઃખ મટાડવા ઇચ્છતા મુમુક્ષુને અત્યંત વ્યામોહ થઇ આવે છે; અથવા થયા કરે છે કે આનું શું કારણ ? આ દુઃખ ટળતું કેમ નથી ? કોઇ પણ પ્રકારે મારે તે દુઃખની પ્રાપ્તિ ઇચ્છિત નહીં છતાં–સ્વપ્નેય પણ તેનાં પ્રત્યે કંઇ પણ વૃત્તિ નહીં છતાં–તેની પ્રાપ્તિ થયા કરે છે, અને હું જે જે પ્રયત્ન કરૂં છું તે તે બધાં નિષ્ફળ થઇ દુઃખ અનુભવ્યા જ કરૂં છું એનું શું કારણ ?

શું એ દુઃખ કોઇને મટતું જ નહીં હોય ? દુઃખી થવું એ જ જીવનો સ્વભાવ હશે ? શું કોઇ એક જગતકર્તા ઇશ્વર હશે તેણે આમ જ કરવું યોગ્ય ગણ્યું હશે ? શું ભવિતવ્યતાને આધીન એ વાત હશે ? અથવા કોઇ એક મારા કરેલા આગલા અપરાધોનું ફળ હશે ? એ વગેરે અનેક પ્રકારના વિકલ્પો જે જીવો મન સહિત દેહધારી છે તે કર્યા કરે છે. અને જે જીવો મનરહિત છે તે અવ્યક્તપણે દુઃખનો અનુભવ કરે છે અને અવ્યક્તપણે તે દુઃખ મટે એવી ઇચ્છા રાખ્યા કરે છે.

આ જગતને વિશે પ્રાણીમાત્રની વ્યક્ત અથવા અવ્યક્ત ઇચ્છા પણ એ જ છે કે કોઇ પણ પ્રકારે મને દુઃખ ન હો અને સર્વથા સુખ હો. પ્રયત્ન પણ એ જ અર્થે છતાં તે દુઃખ શા માટે મટતું નથી ? એવો પ્રશ્ન ઘણા ઘણા વિચારવાનોને પણ ભૂતકાળે ઉત્પન્ન થયો હતો, વર્તમાનકાળે પણ થાય છે અને ભવિષ્યકાળે પણ થશે. એ અનંત અનંત વિચારવાનોમાંથી અનંત વિચારવાનો તેના યથાર્થ સમાધાનને

× દુઃખ શું ? તેનાં કારણો શાં છે ? તેની નિવૃત્તિ શી રીતે થઇ શકે ? એ પર **શ્રીમદ્ રાજચંદ્રજીએ** જુદા જુદા સમયે લખેલા પત્રોનો અત્ર સંગ્રહ કરવામાં આવ્યો છે.

---

( પૃષ્ઠ ૧૫૦ થી ચાલુ )

વિના ઘરેણા, લાકડા વિના ગાડુ અને બીજ વિના ધાન્યની ઉત્પત્તિ ન જ થઇ શકે.

આત્માને પૂર્ણતાના શીખરે પહોંચાડવા જીનેશ્વરદેવો કે જેઓ શુદ્ધ આત્માનો આદર્શ છે. તેમના જેવો આત્માને બનાવવા તેમનુ સ્નાન, સેવાપૂજા, સ્તુતી વિ. કરવું નિર્ગ્રંથ મુનિ મહાત્માઓને દાન આપવા બ્રહ્મચર્યનું પાલન કરવુ ઇત્યાદિ આત્મવિકાસના અણમોલ ઉપાયો છે.

આમ ત્રિકાળાબાધિત, અવિચ્છિની પ્રભાવશાળી એવા શ્રી જીનેશ્વરદેવના શાસનમાં આત્માર્થી જીવો માટે આત્મવિકાસના અનેક ઉપાયો દર્શાવ્યા છે.

સર્વ જીવો આત્મવિકાસના આ પરમોચ્ચ પંથે મંગલ પ્રયાણ કરો એજ અભ્યર્થના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પામ્યા અને દુઃખથી મુક્ત થયા.** વર્તમાનકાળે પણ જે જે વિચારવાનો યથાર્થ સમાધાન પામે છે તે પણ તથારૂપ ફળને પામે છે અને ભવિષ્યકાળે પણ જે જે વિચારવાનો યથાર્થ સમાધાન પામશે તે તે તથારૂપ ફળને પામશે. એમાં સંશય નથી.

શરીરનું દુખઃ માત્ર ઔષધ કરવાથી મટી જતું હોત, મનનું દુઃખ ધનાદિ મળવાથી ટળી જતું હોય અને બાહ્ય સંસર્ગ સંબંધનું દુઃખ મનને કંઇ અસર ઉપજાવી શકતું ન હોત, તો દુઃખ મટવા માટે જે જે પ્રયત્ન કરવામાં આવે છે તે તે સર્વ જીવોનું સફળ થાત; પણ જ્યારે તેમ બનતું જોવામાં ન આવ્યું ત્યારે જ વિચારવાનોને પ્રશ્ન ઉત્પન્ન થયો કે દુઃખ મટવા માટે બીજો જ ઊપાય હોવો જોઇએ; આ જે કરવામાં આવે છે તે ઉપાય યથાર્થ છે, અને બધો શ્રમ વૃથા છે, માટે તે દુઃખનું મૂળ કારણ જો યથાર્થ જાણવામાં આવે અને તે જ પ્રમાણે ઉપાય કરવામાં આવે તો દુઃખ મટે; નહીં તો નહીં જ મટે.

જે વિચારવાનો દુઃખનું યથાર્થ મૂળ કારણ વિચારવા ઉત્કંઠિત છતાં કોઇ જ તેનું યથાર્થ સમાધાન પામ્યા અને ઘણા યથાર્થ સમાધાન નહીં પામતાં છતાં મતિવ્યામોહાદિ કારણથી યથાર્થ સમાધાન પામ્યા છીએ એમ માનવા લાગ્યા અને તે પ્રમાણે ઉપદેશ કરવા લાગ્યા અને ઘણા લોકો તેને અનુસરવા પણ લાગ્યા જગતમાં જુદા જુદા ધર્મ મત જોવામાં આવે છે તેની ઉત્પત્તિનું મુખ્ય કારણ એ જ છે. “ ધર્મથી દુઃખ મટે ” એમ ઘણાખરા વિચારવાનોની માન્યતા થઇ. પણ **ધર્મનું સ્વરૂપ** સમજવામાં એક બીજામાં ઘણો તફાવત પડ્યો, ઘણા તો મૂળ વિષય ચૂકી ગયા; અને ઘણા તો તે વિષયમાં મતિ થાકવાથી અનેક પ્રકારે નાસ્તિકાદિ પરિણામોને પામ્યા.*

* અહીં આ લેખ અપૂર્ણ છે, પણ તેનું અનુસંધાન કરવા નીચે બે ફકરા અને પછી કેટલાક પત્રો આપ્યા છે. તેમાં દુઃખના કારણો અને તેની નિવૃત્તિના ઉપાયો અને ધર્મનું સત્ય સ્વરૂપ સંગ્રહિત છે-જિજ્ઞાસુ.

## સર્વ દુઃખનું મૂળ સંયોગ

સર્વ દુઃખનું મૂળ સંયોગ (સંબંધ) છે, એમ જ્ઞાનવંતા એવા તીર્થંકરે કહ્યું છે. સમસ્ત જ્ઞાનીપુરુષોએ એમ દીઠું છે. જે સંયોગ બે પ્રકારે મુખ્યપણે કહ્યો છે. અંતસંબંધીય અને બાહ્યસંબંધીય અંતસંયોગનો વિચાર થવાને આત્માને બાહ્ય સંયોગનો અપરિચય કર્તવ્ય છે. જે અપરિચયની **સપરમાર્થ** ઇચ્છા જ્ઞાની પુરુષોએ પણ કરી છે.

## 'દુઃખ નિવૃત્તિ'ના સદુપાય.

સર્વ દુઃખનો આત્યંતિક અભાવ અને પરમ અવ્યાબાધ સુખની પ્રાપ્તિ એ જ 'મોક્ષ' છે અને તે 'પરમહિત' છે. વીતરાગ **સન્માર્ગ** તેનો **'સદુપાય'** છે, તે સન્માર્ગનો આ પ્રમાણે સંક્ષેપ છે.

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની એકત્રતા તે 'મોક્ષમાર્ગ' છે. સર્વજ્ઞના જ્ઞાનમાં ભાસ્યમાન તત્ત્વોની સમ્યક્ પ્રતીતિ થવી તે 'સમ્યગ્દર્શન' છે; તત્ત્વનો યથાર્થ બોધ થવો તે 'સમ્યગ્જ્ઞાન' છે. ઉપાદેય તત્ત્વનો અભ્યાસ થવો તે 'સમ્યક્ચારિત્ર' છે. શુદ્ધ આત્મપદ સ્વરૂપ એવાં વીતરાગપદમાં સ્થિતિ થવી તે એ ત્રણેની એકત્રતા છે. સર્વજ્ઞદેવ, નિર્ગ્રંથ ગુરુ અને સર્વજ્ઞોપદિષ્ટ ધર્મની પ્રતીતિથી 'તત્ત્વપ્રતીતિ' પ્રાપ્ત થાય છે.

સર્વ જ્ઞાનાવરણ, દર્શનાવરણ, સર્વ મોહ અને સર્વ વીર્યાદિ અંતરાયનો ક્ષય થવાથી આત્માને, સર્વજ્ઞ વીતરાગ સ્વભાવ પ્રગટે છે. નિર્ગ્રંથપદના અભ્યાસનો ઉત્તરોત્તર ક્રમ તેનો 'માર્ગ' છે. તેનું રહસ્ય 'સર્વજ્ઞોપદિષ્ટ ધર્મ' છે.

જે ધર્મ સંસાર પરિક્ષીણ કરવારાં સર્વથા ઉત્તમ હોય અને નિજસ્વભાવમાં સ્થિતિ કરાવવાને બળવાન હોય તેજ ઉત્તમ અને તેજ બળવાન છે.

× × ×

સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમાં સમ્યક્દર્શનની મુખ્યતા ઘણે સ્થળે વીતરાગોએ કહી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે; જો કે સમ્યક્જ્ઞાનથી જ સમ્યક્દર્શનનું પણ ઓળખાણુ થાય છે, તો પણુ સમ્યક્દર્શનની પ્રાપ્તિ વગરનું જ્ઞાન સંસાર એટલે દુઃખના હેતુરૂપે હોવાથી સમ્યક્દર્શનનું મુખ્યપણું ગ્રહણ કર્યું છે.

દુઃખની નિવૃત્તિને સર્વ જીવ ઇચ્છે છે અને દુઃખની નિવૃત્તિ, દુઃખ જેનાથી જન્મ પામે છે. એવા રાગ, દ્વેષ અને અજ્ઞાનાદિ દોષની નિવૃત્તિ થયા વિના સંભવતી નથી. તે રાગાદિની નિવૃત્તિ એક આત્મજ્ઞાન સિવાય બીજા કોઇ પ્રકારે ભૂતકાળમાં થઇ નથી, વર્તમાનકાળમાં થતી નથી અને ભવિષ્યકાળમાં થઇ શકે તેમ નથી, એમ સર્વ જ્ઞાની પુરુષોને ભાસ્યું છે, માટે તે, આત્મજ્ઞાન માટે જીવને પ્રયોજનરૂપ છે. તેનો સર્વ શ્રેષ્ઠ ઉપાય સદ્‌ગુરુ વચનના શ્રવણનું કે સત્શાસ્ત્રનું વિચારવું એ છે. જે કોઇ જીવ દુઃખની નિવૃત્તિ ઇચ્છતો હોય-સર્વથા દુઃખથી મુક્તપણું જેને પ્રાપ્ત કરવું હોય-તેને એ જ એક માર્ગ આરાધ્યા સિવાય અન્ય બીજો કોઇ ઉપાય નથી. માટે જીવે સર્વ-પ્રકારના મતમતાંતરનો, કુળધર્મનો લોકસંજ્ઞારૂપ ધર્મનો, ઓઘસંજ્ઞારૂપ ધર્મનો ઉદાસભાવ ભજી એક **આત્મવિચાર** કર્તવ્યરૂપ ધર્મ ભજવો યોગ્ય છે.

× × ×

સર્વ દુઃખથી મુક્ત થવાનો સર્વોત્કૃષ્ટ ઉપાય 'આત્મજ્ઞાન'ને કહ્યો છે, તે જ્ઞાની પુરુષોનાં વચનો સાચાં છે-અત્યંત સાચાં છે. જ્યાં સુધી જીવને તથારૂપ આત્મજ્ઞાન ન થાય ત્યાં સુધી આત્યંતિક બંધનની નિવૃત્તિ ન હોય એમાં સંશય નથી. તે આત્મજ્ઞાન થતાં સુધી જીવે 'મૂર્તિમાન આત્મજ્ઞાનસ્વરૂપ' એવા સદ્‌ગુરુદેવનો નિરંતર આશ્રય કરવા યોગ્ય છે, એમાં સંશય નથી. તે આશ્રયનો વિયોગ હોય ત્યારે આશ્રય-ભાવના નિત્ય કર્તવ્ય છે.

**સર્વ કાર્યમાં કર્તવ્ય માત્ર આત્માર્થ છેઃ—**

એ સંભાવના નિત્ય મુમુક્ષુ જીવે કરવી યોગ્ય છે.


તા : Paramite ટેલીફોન : ૨૪૯૩૮

# મેસર્સ રાયચંદ એન્ડ સન્સ

ઇલેક્ટ્રી સામાનના જથ્થાબંધ વેપારી

પ-૭ પીકેટ ક્રોસ રોડ, મુંબઇ-૨


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શાપરીઆ

બીલ્ડર્સ ઓફ

- બાર્જીસ
- લાઈટ બોટસ
- ટગ્સ
- ડ્રેજર્સ
- પેસેન્જર વેસલ્સ
- પોન્ટૂન્સ
- મૂરીંગ બોયાઝ
- બોયાન્ટ એપાર્ટ્સ વિગેરે.

શીપ બીલ્ડર્સ
અને
એન્જીનીયર્સ

મેન્યુફેકચરર્સ ઓફ

- રોલીંગ શટર્સ
- ફાયર પ્રૂફ ડોર્સ
- રોડ રોલર્સ
- વ્હીલ બેરોસ
- રીફ્યુસ હેન્ડ કાર્ટ્સ
- પેલ ફેન્સીંગ
- લેડ-ચુલાઈટ
- મેગ્નેટીક સેપરેટર્સ વિગેરે.

## શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું.

પ્રાઈવેટ લીમીટેડ

હેડ ઓફીસ અને શીપયાર્ડ
શીવરી
મુંબઈ-૧૫
ફોન નં. ૬૦૦૭૧/૨

બ્રાન્ચ અને એન્જીનીઅરીંગ વર્કસ
પરેલ રોડ ક્રોસ લેન
મુંબઈ-૧૨
ફોન નં. ૪૦૪૦૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | ભગવાન મહાવીરના ઉપદેશ વચનો | રતિલાલ મફાભાઈ શાહ | ૧૩૯ |
| ૨ | યોગની પ્રાથમિક ભૂમિકા | મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૪૦ |
| ૩ | ધાર્મિક ક્રિયાના ભેદોમાં મુંઝાવું નહીં | ... ... ... | ૧૪૩ |
| ૪ | આત્મ દર્શન વિચાર | માસ્ટર મેવારામ જૈન | ૧૪૪ |
| ૫ | મહાવીરની ધર્મદેશના | .... .... .... | ૧૪૬ |
| ૬ | આત્મવિશ્વાસ | સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ | ૧૪૭ |
| ૭ | આત્મજ્ઞાનીનો અધિકાર | ... .... .... | ૧૪૯ |
| ૮ | આત્મવિકાસ અને તેના ઉપાયો | કિરણ શાંતિલાલ | ૧૫૦ |
| ૯ | સંતની અમીધારા | 'જિજ્ઞાસુ' | ૧૫૧ |



જૈનસમાજ આજે વીશ લાખની વિપુલ સંખ્યામાં દેશ-પરદેશમાં વસે છે અને 'આત્માનંદ પ્રકાશ' સર્વત્ર સારો પ્રચાર પામેલ છે. એટલે આપના ધંધાની જાહેરાત 'આત્માનંદ પ્રકાશ'માં આપવાથી એનો અવાજ વીશ લાખ જનતાને કાને આપ પહોંચાડી શકશો.

વળી જૈનસમાજ વ્યાપાર અને ઉદ્યોગમાં પણ ખૂબ આગળ વધે છે એટલે આપની જાહેરાતના ખરચના બદલામાં તેનું યોગ્ય વળતર પણ આપને મળી રહેશે. જાહેરાતના ભાવો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

## જાહેરાતના ભાવ

| | ૧ વખત | ૫ વખત | ૧૦ વખત |
|---|---|---|---|
| અંદરનું આખું પેજ | રૂા. ૩૦ | રૂા. ૧૫૦ | રૂા. ૨૫૦ |
| ,, અડધું પેજ | રૂા. ૨૦ | રૂા. ૧૦૦ | રૂા. ૧૭૫ |
| ટાઇટલ પેજ બીજું-ત્રીજું આખું | રૂા. ૪૦ | રૂા. ૨૦૦ | રૂા. ૩૫૦ |
| ,, અડધું પેજ | રૂા. ૨૫ | રૂા. ૧૨૫ | રૂા. ૨૦૦ |
| ટાઈટલ પેજ ચોથું આખું | રૂા. ૫૦ | રૂા. ૨૫૦ | રૂા. ૪૦૦ |
| ,, અર્ધું પેજ | રૂા. ૩૦ | રૂા. ૧૫૦ | રૂા. ૨૫૦ |

આશા છે કે આપ આપના ધંધાની જાહેરાતનો ઓર્ડર મોકલી અમોને આભારી કરશો.

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ATMANAND PRAKASH Regd. No.G 49

# શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

## ખાસ અગત્યની વિનંતી

આ સભા તરફથી આજસુધીમાં માગધી, સંસ્કૃત, ગુજરાતી, ઇંગ્લીશ તથા હિન્દી ભાષામાં લગભગ બસો પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યાં છે. તેમાંથી મોટા ભાગના ગ્રંથો આજે સ્ટોકમાં નથી, માત્ર સાઠથી પણ ઓછા ગ્રંથો સ્ટોકમાં છે અને તેમાં પણ કેટલાક ગ્રંથોની તો બહુ જ થોડી નકલો સ્ટોકમાં છે. હાલ જે ગ્રંથો સ્ટોકમાં છે તેમાંના સંસ્કૃત વિભાગની અગત્યની યાદી નીચે આપવામાં આવેલ છે. આ પ્રકાશનો ખૂબ જ ઉપયોગી અને તરત વસાવી લેવાં જેવાં છે તો જેઓએ તે વસાવેલ ન હોય, તે પોતાના જ્ઞાન–ભંડારમાં તરત વસાવી લ્યે તેવી અમારી ખાસ વિનંતી છે. નીચે દર્શાવેલ કીંમતે ગ્રંથ સ્ટોકમાં હશે ત્યાં સુધી આપવામાં આવશે અને ખાસ સગવડ તરીકે તેમાં સાડાબાર ટકા કમિશન કાપી આપવામાં આવશે.


૧ वसुदेव हिन्डी : (પ્રથમ અંશ) ૧૦–૦૦

૨ वसुदेव हिन्डी : (દ્વિતીય અંશ) ૧૦–૦૦
(બંને ભાગ સાથે જ આપવામાં આવશે)

૩ आ. देवेन्द्रसूरिकृत टीकायुक्त कर्मग्रंथ
भा. २जो (પાંચ અને છ) ૬–૦૦

૪ जैनमेघदूत ૨–૦૦

૫ प्रकरण संग्रह (પ્રતાકારે)
(જેમાં સિંદુર પ્રકરણ મૂળ, તત્ત્વાર્થધિગમ સૂત્ર મૂળ, ગુણસ્થાનક્રમારોહ મૂળ છે.) ૦–૫૦

૬ त्रिषष्टी पर्व भा: ૧લો. (મૂળ સંસ્કૃત) ૬–૦૦

૭ „ भा. २जो ( „ ) ૮–૦૦

૮ „ (પ્રતાકારે) ૧૦–૦૦

आ. श्री विजयदर्शनसूरिकृत टीकायुक्त

૯ सम्मतितर्क महार्णवतारिका........૧૫–૦૦

૧૦ तत्त्वार्थाधिगमसूत्रम.................૧૫–૦૦

લખો : શ્રી જૈન આત્માનંદ સભા —ભાવનગર.


પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, જૈન આત્માનંદ સભાવતી.
મુદ્રક : અનંતરાય હરિલાલ શેઠ, આનંદ પ્રીન્ટીંગ પ્રેસ–ભાવનગર.

For Private And Personal Use Only